# આવતીકાલથી સ્વચ્છતા હી સેવા અભિયાન આરંભાશે

**૨૫ સપ્ટેમ્બરના રોજ સ્વચ્છાગ્રહીઓનું વિશેષ સન્માન શ્રમદાનનો ખાસ કાર્યક્રમ : કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સંયુક્ત રીતે અભિયાન અંગે જારી કરાયેલ સૂચનાઓ**

ગાંધીનગર, તા. ૧૩

૧૫ સપ્ટે. ૨૦૧૮ થી ૨ ઓકટો. ૨૦૧૮ દરમ્યાન 'સ્વચ્છતા હી સેવા' પખવાડિયાની વિશેષ ઉજવણી કરવામાં આવશે.

ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં આ સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવા માટેની સૂચનાઓ જારી કરવામાં આવી છે.

આ અભિયાનની ઉજવણી એ એક જનઆંદોલન બની રહે તે જોવા માટે ખાસ સૂચનાઓ પણ જારી કરવામાં આવી છે. ભારત સરકારે ૨૫મી સપ્ટેમ્બરના રોજ સ્વચ્છાગ્રહીઓ દ્વારા શ્રમદાન અને તેમના સન્માન કરવામાં આવે તેવો પણ આગ્રહ કર્યો છે.

ભારત સરકાર દ્વારા આ અંગે એક વિશેષ પોર્ટલ પણ ડેવલપ કરવામાં આવ્યુ છે અને તેના પર આ સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી અંગેની વિગતો તેમજ ફોટોગ્રાફસ મુકવા પણ સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન રાજ્ય સરકારે પણ આ પખવાડિયાની ઉજવણી માટે દરેક ગામે સ્વચ્છતા રેલી, પ્રભાતફેરી જેવા કાર્યક્રમોનું આયોજન કરવા માટે જિલ્લાઓને સૂચનાઓ આપી છે.

રાજ્ય સરકારે આ પખવાડિયાની ઉજવણી માટે ખાસ સ્વચ્છતા અભિયાનો યોજવા આગ્રહ કરતાં જણાવ્યુ છે કે સૌથી ગંદા વિસ્તારોને ઓળખી અને તેને સ્વચ્છ બનાવીએ.

૨ જી ઓકટો.ના રોજ રાજયના તમામ ગામોમાં પ્રભાતફેરી તેમજ સર્વધર્મ પ્રાર્થના

● અનુસંધાન પાન-૭ પર



પ્રતિક્રમણ - સંવત્સવરીના પાવન પર્વે પ્રતિક્રમણની પવિત્ર પરંપરા મુજબ જૈન દેરાસર ખાતે શ્રાવકોએ ભાવપૂર્વક ભાવવંદના કરી હતી... જૈન સંપ્રદાયમાં પ્રતિક્રમણનો મહિમા મોટો છે... આમ તો જૈનેત્તરમાં પણ પ્રતિક્રમણ અનિવાર્ય છે... જાત તરફ પાછા વળવાની પ્રક્રિયાને પ્રતિક્રમણ કહેવાય છે... વર્ષ દરમિયાન થયેલી ભૂલો-અપરાધોને યાદ કરી કરીને ભૂલવાની, ભૂસવાની અને સ્વીકાર કરવાની આત્મખોજની પ્રક્રિયા ખૂબ જ વંદનીય છે... માનવજાતે પ્રતિક્રમણની પરંપરામાં જોડાવવું જોઈએ અને ક્ષમા વિરસ્ય ભૂષણમ્...ના મંત્રને ચરિતાર્થ કરવો જોઈએ... ગાંધીનગર સમાચાર સૌ વાચક, વિતરક અને શુભેચ્છક પરિવારને હૃદયપૂર્વક મિચ્છામિ દુક્કડમ પાઠવે છે.....

# ૧૮મીથી ત્રિદિવસીય મહિલા પદાધિકારીઓની તાલીમ શિબિર

ગાંધીનગર, તા. ૧૩

આગામી ૧૮ થી ૨૦ સપ્ટેમ્બર દરમ્યાન મહિલા પદાધિકારીઓની તાલિમ શિબિર ગાંધીનગર ખાતે યોજાશે.

જિલ્લાકક્ષાની આ તાલિમ શિબિર સ્ટેટ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ દ્વારા યોજવામાં આવી રહી છે. ૬૦ જેટલી મહિલા પદાધિકારીઓને આ માટે આમંત્રિત કરવામાં આવનાર હોવાનું પંચાયતના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લા-તાલુકા અને ગ્રામ્યસ્તરે ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓની ક્ષમતાવર્ધન તાલિમ માટે રૂ. ૯૦ હજારથી વધુની ગ્રાન્ટ પણ જિલ્લાને ફાળવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આ તાલિમ શિબિર દરમ્યાન પંચાયતી રાજ વ્યવસ્થાપનની સમજૂતી ઉપરાંત વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓની જાણકારી અને તેમાં મહિલાઓની ભાગીદારી જેવા મહત્વના વિષયો આવરી લેવામાં આવનાર છે.તંત્ર દ્વારા આ અંગેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે તેમજ આ તાલિમ માટેનું સ્થળ એકાદ દિવસમાં આખરી થઈ જશે તેમ પણ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# મનપાની આજે મળનારી સામાન્ય સભા તોફાની બનશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળનારી સામાન્ય સભા તોફાની બની રહે તેવા સંકેતો પ્રાપ્ત થયા છે.

મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળનારી આ સામાન્ય સભામાં આમ તો સત્તાવાર એજન્ડામાં એક જ મુદ્દો છે. જો કે કોંગ્રેસ પક્ષની બન્ને દરખાસ્તો ફગાવી દેવામાં આવતાં કોંગ્રેસ આ સભામાં આક્રમક રૂખ અપનાવશે તેમ મનાઈ રહ્યુ છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા આ સામાન્ય સભા અંગે રણનીતિ તૈયાર કરી દેવામાં આવી છે. તો બીજી તરફ ભાજપ સંરક્ષણાત્મક વ્યુહ સાથે આગળ વધવાના મૂડમાં હોવાનું જાણવા મળેલ છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા દબાણના મુદ્દાને આગળ કરવામાં આવશે. આ ઉપરાંત મનપામાં ફૂલેલા ફાલેલા ભ્રષ્ટાચારનો મુદ્દો તેમજ ડોર ટુ ડોર કલેક્શન નિયમિત રીતે નહિ થતુ હોવાની ફરિયાદો, આર.ઓ. પ્લાન્ટની ખરીદીમાં ૭૩ ટકા વધુ ચુકવી અને મનપાને કરાવેલ આર્થિક નુકસાન સહિતના મુદ્દાઓ પણ ઉછાળવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

# સબકી યોજના સબકા વિકાસનું વિશેષ અભિયાન ૨જી ઓક્ટોબરથી આરંભાશે

**સમર્થ ગામ સમર્થ ગુજરાતની નવી યોજના રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવી રહી છે : ખાસ ગ્રામસભા યોજાશે : લોકોની ભાગીદારી વધુ સક્રિય કરી અને વિલેજ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરાશે**

ગાંધીનગર, તા. ૧૩

આગામી ૨ ઓક્ટો. થી ૩૧મી ડિસેમ્બર દરમ્યાન 'સબકી યોજના સબકા વિકાસ'ની કામગીરી અભિયાનરૂપે હાથ ધરવામાં આવશે.

ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે આ અભિયાન હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે પીપલ્સ પ્લાનીંગ કેમ્પેઈન ફોર ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાન (જી.પી.ડી.પી.) કેવી રીતે તૈયાર કરવો, તેમાં કયા કયા મુદ્દાઓ સમાવવા, લોકોની ભાગીદારી વધુ સક્રિય બને તે હેતુ મુખ્ય છે.

આ માટે ગ્રામીણ વિસ્તારોમાં ખાસ ગ્રામસભાનું પણ આયોજન કરવામાં આવશે. જેમાં ગ્રામીણ વિસ્તારમાં કેન્દ્ર અને રાજ્યના નાણાં કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ માટે સીધા પહોંચી રહ્યા છે તે અંગે જાગૃતિ લાવવી તેમજ લોકોની સક્રિયતા ગ્રામ વિકાસમાં વધે તેવા પ્રયાસો કરાશે.

મળતી વિગતો પ્રમાણે ખાસ કરીને ૧૪મા નાણાં પંચની ગ્રાન્ટ માટે પબ્લીક ફાયનાન્સીયલ મેનેજમેન્ટ સિસ્ટમ અમલી બનાવવામાં આવી છે તેને લઈ પંચાયતના પદાધિકારીઓમાં જાગૃતિ આવે અને ઈલે. ફંડ મેનેજમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરતા થાય તેના પર ભાર મુકવો.

ભારત સરકારે ગ્રામીણ વિસ્તારો વધુ સક્ષમ અને સમર્થ બને તે માટે ગ્રામસ્વરાજ અભિયાન અંતર્ગત નિયત કરેલા ગોલ છે તેની પણ સમજ લોકોને આપવી.

ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેન્દ્ર અને રાજ્ય સરકારો સામેના રોષને ધ્યાને રાખી બન્ને સરકારો દ્વારા સંયુક્ત રીતે આ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે.

રાજય સરકારના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે 'સામર્થગામ સમર્થ ગુજરાત' અભિયાન તૈયાર કરવામાં આવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સરકીટ હાઉસના રીનોવેશન માટેની ટેન્ડર પ્રક્રીયામાં ગડબડ

**સરકારના નિયમ વિરુધ્ધ ઓફલાઇન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી એક જ એજન્સીને કામ મળે તેવી નીતી અપનાવી : પાટનગર યોજના ભવનના વિભાગ-૨ દ્વારા ભ્રષ્ટાચાર આચરવા મનસ્વી રીતે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઇ**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર સરકીટ હાઉસના રીનોવેશન માટે ઓફ લાઈન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી એક જ એજન્સીને આ કામ મળે તેવી શરતો રાખીને પાટનગર યોજના ભવનના વિભાગ -૨ દ્વારા ભ્રષ્ટાચાર આચરવાની નિતી અપનાવી હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. ગાંધીનગર કોન્ટ્રાકટર એસોસિએશને આ મામલે ઓફલાઈન ટેન્ડર પ્રક્રીયા રદ કરી નવેસરથી ઓનલાઈન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવા માટે રજુઆત કરી છે. ગાંધીનગર સરકીટ હાઉસના રીનોવેશન માટે રૂ ૯૯.૨ લાખનુ ટેન્ડર જાહેર કરી નિવિદાની કોપી નોટસ બોર્ડ પર લગાવીને એક એજન્સીને આ કામ સોંપી દેવાતા કોન્ટ્રાકટર એસોસિએશને ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો છે. સરકારના નિયમ મુજબ ૫ લાખથી વધુ રકમનુ કામ હોય તેવા કિસ્સામાં ઓનલાઈન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવાની હોય છે. પરંતુ આ કીસ્સામાં ઓફલાઈન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરીને એક જ એજન્સીને કામ મળે તેવી શરતોને સમાવી કામ સોંપી દેવાયુ છે. જેના લીધે સરકારને પણ મોટુ આર્થિક નુકશાન થયુ છે. પાટનગર યોજના વિભાગ -૨ દ્વારા માત્ર એક જ એજન્સીને કામ મળે તેવી નીતિ અપનાવી છે. આ મામેલ ડિવીઝન -૨ ના અધિકારીને રજુઆત કરવા છતા આ નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનુ તેમણે જણાંવ્યુ હતુ. આ મામલે ગાંધીનગર ગર્વમેન્ટ કોન્ટ્રાકટર એસોસિએશનના પ્રમુખ એસ આઈ વાઘેલાએ રજુઆતમાં જણાંવ્યા મુજબ તંત્રના ભ્રષ્ટાચારની આ નિતીથી સરકારને મોટુ આર્થિક નુકશાન થશે. જયારે હવે આ મામલે નવેસરથી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવે તે અનિવાર્ય છે. જયારે નવેસરથી ઓનલાઇન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી ટેન્ડર મુજબ લાયક એજન્સીને કામ સોંપવામાં આવે તેવી પણ રજુઆત એસો. દ્વારા કરવામાં આવી છે.

# આગામી ૨૨મીથી ઘોઘા-દહેજ વચ્ચેની રો-રો ફેરી સર્વિસ આરંભાશે

ગાંધીનગર, તા.૧૩

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતને જોડતી ઘોઘા દહેજ વચ્ચેની રો રો ફેરી સર્વિસ આગામી ૨૨ સપ્ટેમ્બરથી ફરી શરૂ થશે. ૨૦૧૫માં કોરિયા ખાતે ૪૦૦૦ ટનનું બનેલું વોયેજ સીમ્ફોની નામનું આ જહાજ હવે પેસેન્જર અને વાહનો સાથેનું ખરા અર્થમાં રો રો ફેરી સર્વિસમાં શરૂ થશે.

જેમાં ૬૦ ટ્રક , ૩૫ બસ સાથે ૫૨૫ જેટલા પેસેન્જરો દિવસમાં ત્રણ વખત દહેજથી ઘોઘા અને ઘોઘાથી દહેજ આવજાવ કરી શકશે. ભાવનગરથી દહેજ વચ્ચે બાય રોડનું અંતર ૬ કલાકથી પણ વધુ છે. પરંતુ દરિયાઈ માર્ગે આ અંતર ઘટી જાય છે.

રો રો ફેરીમાં ટ્રક, બસ, મોટર, કાર, બાઈક જશે. રો રો ફેરીમાં ગુડઝની સાથોસાથે પ્રવાસીઓ માટે ત્રણ પ્રકારે કલાસ રાખવામાં આવ્યા છે. જેમાં બિઝનેસ કલાસ, એક્ઝિક્યૂટિવ કલાસ, ઈકોનોમિ કલાસનો સમાવેશ થાય છે.

# ટાઉનહોલ તેમજ મહાત્મા મંદિર તરફ જવાના માર્ગ પર મોટામસ ગાબડા





ગાંધીનગર તા ૧૩

સે-૧૫ વિજ્ઞાન કોલેજ પાસે મહાત્મા મંદિર તરફ જવાના માર્ગ પર છેલ્લા ઘણાં સમયથી મોટુ મસ ગાબડુ અસ્તિત્વમા આવ્યુ છે. જયારે ઘ-૪ સર્કલ પાસે ટાઉનહોલ તરફ જવાના માર્ગ પર બસ સ્ટેન્ડની બાજુમાં વોક વે પર મોટાગાબડુ સૌથી વધુ અવરજવર રહે છે. જયારે મોટાભાગે વી વી આઈ પી મહાનુભાવો પણ અહીંથી પસાર થતા હોય છે. વોક વે ની કીનારે અડીને તેમજ બગીચા વિસ્તારની નજીક જ આ ભયજનક ગાબડા અસ્તિત્વમાં આવતા ગમે ત્યારે નાના બાળકો પણ અકસ્માતનો

**વોક વે ની સાઇડમાં મોટા ગાબડા અસ્તિત્વમાં આવતા ભયજનક સ્થિતિ : પોલીસ બેરિકેટસ મુકી કામ ચલાવાય છે : ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી સ્થિતિ**

અસ્તિત્વમાં આવ્યુ છે. આ બન્ને ઠેકાણે પોલીસ બેરિકેટસ મુકીને ગાબડા ઢાંકવામાં આવ્યા છે. પરંતુ આ ગટર લાઈનના આ ગાબડા પુરવા માટે કાર્યવાહી હાથ ધરાતી નથી. આ જોખમી સ્થિતિ વચ્ચે ગમે ત્યારે ગંભીર અકસ્માત થાય તેવી દહેશત છે.

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન માર્ગ પર ગાબડા પડવાની ઘટનાઓ અનેકવાર પ્રકાશમાં આવે છે. જયારે માટી પોલાણ થવાના લીધે પણ મોટા મસ ગાબડા અસ્તિત્વમાં આવતા ભયજનક સ્થિતિ સર્જાય છે. પરંતુ નગરના હાર્દસમા વિસ્તારમાં જયાં ભોગ બને તેવી દહેશત છે. નગરના હાર્દસમા વિસ્તારમાં વાહનોની અવરજવર સાથે સવારે અને સાંજે વોકીંગ કરનારાઓની સંખ્યા પણ વિશેષ હોય છે ત્યારે આ પ્રકારના મોટામસ ગાબડાના લીધે ગમે ત્યારે આમ નાગરિકો અકસ્માતને ભેટે તેવી સંભાવના છે. હાલ આ ઠેકાણે પોલીસ બેરિકેટસ મુકી ગાબડાને ઢાંકવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પરંતુ તંત્ર દ્વારા આ ભયજનક સ્થિતિ નિવારવા માટે લાંબા સમયથી કોઈ પગલા લેવાયા નથી. શહેરીજનોમાં પણ આ સ્થિતિને અનુલક્ષી ત્વરિત ગાબડા પુરવા માંગ ઉઠવા પામી છે.



જયોતિ મહીલા મંડળ દ્વારા આજે સે-૨૦ માં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ , શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ અને જયોતિ મહીલા મંડળના પ્રમુખ ડો ચેતના બુચના હસ્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ




ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad BENELAVE DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com